# સાફલ્યગાથા

**યોજનાનું નામ- મિશન મંગલમ**

**જૂથનું નામ – અંબિકા સ્વસહાયજૂથ**

**ગામ- મસોતા, તાલુકા- વિજયનગર ,જીલ્લો- સાબરકાંઠા**

**જૂથની સભ્ય સંખ્યા – ૧૦**




**વિજયનગર તાલુકા પંચાયત કચેરીમાં જૂથ દ્વારા સંચાલિત કેન્ટીન**

અમારા જુથની શરૂઆત ૨૦૦૮ ના વર્ષમાં સરકારશ્રીની સખીમંડળ યોજના હેઠળ કરવામાં આવી હતી. અમોને આ યોજના વિષે સૌપ્રથમ આગણવાડી કાર્યકર દ્વારા ફળિયામાં મીટીગ કરી જૂથ વિષે માહિતી પૂરી પાડવામાં આવી. ત્યારબાદ ફળિયાની આર્થિક અને સામાજિક સમાનતા

ધરાવતી બહેનો મળીને જૂથ બનાવવાનું નક્કી કર્યું શરૂઆતમાં આ જૂથ બનાવવા અંગે ઘણા બધા ફળિયાના માણસો દ્વારા વિરોધ હતો. પરંતુ અમારા જૂથની બહેનો આ જૂથ બનાવવા અંગે મક્કમ હતી અને આંગણવાડી કાર્યકરના યોગ્ય માર્ગદર્શનથી અમારા જૂથની બહેનો દ્વારા સભ્યદીઠ માસિક ૫૦ રૂ.ની બચતથી અંબિકા સ્વસહાય જૂથનાં નામથી રચના કરવામાં આવી. શરુઆતમાં અમોને બચત કરવાની ટેવ ના હોવાને કારણે ઘણી મુશ્કેલી પડતી હતી અને જૂથની બહેનોની  જરૂરિયાત પ્રમાણે અંદરો અંદર આંતરિક ધિરાણ કરતા થયા. પરંતુ જૂથની બચતની રકમ ઓછી હોવાને લીધે જૂથની બહેનો તેમની જરૂરિયાત પૂરી કરી શકતી નહોતી.



**કેન્ટીનની મુલાકાત કરતા DDMશ્રી,NABARD અને વિજયનગર તાલુકાની તમામ બેન્કના મેનેજરશ્રીઓ તેમજ મિશન મંગલમ સ્ટાફના કર્મચારીઓ**

ગયા વર્ષના ગરીબકલ્યાણ મેળામાં એસ.જી.એસ.વાય યોજના અંતર્ગત અમારા જૂથને લોન સબસીડી આપવામાં આવી જે અંતર્ગત જૂથની બહેનોએ ભેસો ખરીદી કરી. આ વ્યવસાયની આવકથી આકસ્મિક બિમારીમાં કોઈને પાસે ઉધાર માંગવા પડતા નથી, બાળકોના શિક્ષણ માટે સમયસર ફી ની ચુકવણીથી અમારા બાળકોને પરેશાનીઓ ઉઠાવી પડતી નથી, સામાજિક પ્રસંગો જેવા ખર્ચને પહોચી વળવા માટે અમોને કોઈ મુશ્કેલી રહેતી નથી. તેમજ **અમારા જૂથને તાલુકા પંચાયત ખાતે કેન્ટીનની ફાળવણી કરવામાં આવેલ છે.** આ કેન્ટીન દ્વારા ચા, કૉફી, નાસ્તા આપવામાં આવે છે. આ કેન્ટીનથી અમારુ જૂથ રોજના ૧૨૦ થી ૧૫૦ રૂ.ની આવક મેળવે છે. આ ઉનાળામાં મિશન મંગલમ યોજના અંતર્ગત જૂથ દ્વારા કેશ ક્રેડિટનો ઉપાડ કરી ફ્રીઝ ખરીદી કરી અને ઠંડા પીણાનું વેચાણ કરવાનું આયોજન કરેલ છે. સરકારશ્રીના મહિલા વિકાસ માટેની યોજના થકી અમારી જેવી ઘણી ગરીબ બહેનોને ફાયદો થયેલ છે.

# VD], 5F,"Z

| | | |
|---|---|---|
| VD], 5F,"Z RF,] SIF" TFZLB | ov | Z#q!_qZ_!# |
| UFD | ov | ;MGL;Z |
| TF,]SM | ov | T,MN |
| ;BLD\0/G]\ GFD | ov | HI CG]DFG ;BLD\0/ |
| 8M8, BR" | ov | !_____qv |
| O\0 | ov | S|[X S|[0L8 |
| 8M8, DF,G]\ J[RF6 | ov | !*_*(_qv |
| GOM | ov | !#)$_qv |







T,MN TF,]SFGF ;MGL;Z UFD[ HI CG]DFG ;BLD\0/ wJFZF TFP!_qZqZ_!# GF ZMH VD], 5F,"Z RF,] SZJFDF\ VFJ[, H[GF DF8[ N[GF A[gS Vl6IM0 XFBFDF\YL ~FP!_____qv S|[X S|[0L8 VF5JFDF\ VFJ[, CTLPCF,DF\ VF H]Y NZ DF;[ Z(5__qv ~FPG]\ J[RF6 SZ[ K[PVG[ NZ DF;[ Z#__qv GOM YTM CM. H]YGF ;eIMDF\ VFtDlJ`JF; JwIM K[PVgI IMHGFSLI SFI" SZJF DF8[ 56 T{IFZL ATFJ[ K[P

# <u>સાફલ્ય ગાથા (૧)</u>

ગામ :– મેઘરજ  સ્થળ: મેઈન બજાર

મંડળનું નામઃ– પંચવટી સખીમંડળ

ગામનું નામઃ– મેઘરજ

તાલુકોઃ– મેઘરજ

જિલ્લોઃ– અરવલ્લી

મંત્રીનું નામઃ– નીલાબેન સતીષભાઈ પંચાલ

પ્રમુખનું નામઃ– રાગીનીબેન હસમુખભાઈ રાઠોડ

મંડળ શરૂ કર્યા તારીખઃ– ૨૫/૦૯/૨૦૦૭

મંડળના સભ્યોઃ– ૧૧ (અગિયાર)

મંડળના સભ્યની બચતઃ– ૯૬,૦૦૦/–

કેશ ક્રેડિટ લોનઃ– ૧,૦૦,૦૦૦/–

આર્થિક પ્રવૃતિનું નામઃ– પંચવટી સખીમંડળ સાડી સેન્ટર

રોકાણઃ– ૭૫,૦૦૦/–






અમારૂ ગામ અરવલ્લી જિલ્લાનું મેઘરજ છે. અમને સખીમંડળમાં જોડાવવા માટે એક દિવસ આંગણવાડી કાર્યકર બેનને મીટીંગ કરી સમજાવતાં અમે તા. ૨૦/૦૯/૨૦૦૭ના રોજ અમે દેના ગુજરાત ગ્રામીણ બેંકમાં ખાતુ ખોલાવી બચત શરૂ કરી અમારા પંચવટી સખીમંડળમાં દર માસની ૫ મી તારીખે મીટીંગ કરીએ છીએ. અમારા સખીમંડળમાં ગ્રેડીંગ થયા પછી અમને રીવોલ્વીંગ ફંડ રૂા.૫૦૦૦/– મળેલ છે. પછી બેંકની કેશ ક્રેડીટ લોન મેળવવા માટે તાલુકા પંચાયત મેઘરજની મિશન મંગલમ શાખા ગયા ત્યાં અમને આર્થિક પ્રવૃતિ કરવા માટે માર્ગદર્શન અને સહકાર મળવાથી અમે સખીમંડળ ધ્વારા સી.સી. લોન રૂા. ૧,૦૦,૦૦૦/– તથા બચતનો ઉપયોગ કરી દુકાન ભાડે રાખી પંચવટી સખીમંડળ સાડી સેન્ટરની શરૂઆત કરવામાં આવી. અમારા સાડી સેન્ટરમાં માસિક વેચાણ ૨૦,૦૦૦/–નું થાય છે.

જેથી  અમને સારો એવો નફો મળે છે. અને મહિનાનો ચોખ્ખો નફો ૬૦૦૦/– કરતા પણ વધારે મળે છે.

આમ પંચવટી સખીમંડળ ધ્વારા આર્થિક પ્રવૃતીની શરૂઆત કરવાથી અમને આર્થિક રીત મદદ મળવાથી અમારા કુટુંબમાં અમે સહાય રૂપ બન્યા છીએ. જેથી કુટુંબમાં અને સમાજમાં અમારો માન અને મોભો તથા પ્રતિષ્ઠામાં વધારો થયો છે. આમ સખીમંડળમાં જોડાવાથી મિશન મંગલમ યોજના અમારા માટે એક આશીર્વાદ રૂપ સાબિત થઈ છે.

આમ સખીમંડળમાં જોડાવવાથી તથા વિવિધ પ્રકારનો માર્ગદર્શન અને સહકાર મળવાથી અમારો સામાજીક, કૌટુબિંક, ઓ આર્થિક  ક્ષેત્રે અમૂલ્ય બદલાવ અને વિકાસ થયો છે.

# <u>સાફલ્ય ગાથા</u>

| | |
|---|---|
| જિલ્લા નુ નામ | :સાબરકાંઠા |
| તાલુકા નુ નામ | :ભિલોડા |
| ગામ નુ નામ | : :ગડાદર |
| જુથ નુ નામ | :ઉમીયા સખીમંડળ |
| ખાતા નંબર | :૪૯૪૭ |
| ખાતુખોલાવ્યા તારીખ | :૮/૪/૧૧ |
| બેંક નુ નામ | :દેનાબેંક રાજેન્દ્રનગર |
| સભ્ય સંખ્યા | :૧૨ |
| માસીક બચત | :૫૦ |
| કુલબચત | :૬૬૩૯/– |
| પ્રમુખનુનામ | :રાવળ સોમીબેન દિનેશભાઈ |
| મંત્રીનુનામ | :રાવળ લીલાબેન કિરીટભાઈ |
| પ્રવૃતી નુ નામ | : :શાકભાજી નો ધંધો |



અમો સખી મંડળ ની શરૂઆત અમારા ગામમા આગણવાડી કાર્યકરે મંડળ ની રચના માટે મીટીંગ બોલાવી અને અમારા ઘર કામ માથી નવરાશ મેળવીને મીટીંગ મા હાજરી આપી તેમા બચત કઈ રીતે કરવી અને તેનાથી થતા ફાયદા તથા સખી મંડળ દ્વારા વિવિધ યોજના નો લાભ કઈ રીતે લઈ શકાય આ તમામ બાબતો ની ચર્ચા કરી .જો અમે ઘરેજ રહયા હોત તો અમને આવી તમામ બાબતો ની ખબર ના પડત. સખી મંડળ ની સમજ પડતા અમે સખી મંડળમા જોડાયા. પહેલા અમે ઘર કામ કર્યા બાદ નવરા બેસી રહેતા, પડોશમા કોઈને ત્યા બેસવા પણ જતા ન હતા. અત્યારે સખી મંડળ મા જોડાયા બાદ માસીક બે વાર અમે મંડળના બહાને પડોશી બહેનોની મુલાકાત પણ થાય છે.

અમે અમારા મંડળ માથી જરૂર જણય તેવા બહેનોને હેતુ સર વ્યાજે પૈસા નુ ધીરાણ પણ મંડળ માથી કરીયે છીયે. પહેલા અમે પૈસા ની જરૂર પડે ત્યારે બીજા શાહુકારો પાસેથી ૮ થી ૧૦ % ના વ્યાજે પૈસા

લાવતા. અત્યારે તેમાથી અમોને મુકતી મળી છે. અમારૂ મંડળ હાલ શાકભાજી નો ધંધો કરે છે.જેનો તમામ ખર્ચ કાઢતા મંડળ ને માસીક ૩૦૦૦/– રૂ. નો નફો થાય છે.